**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કલ્પના શાહ**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 20-11-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મંત્રી મંડળની બેઠક

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મંત્રીમંડળની બેઠક મળી હતી. જેમાં રાજ્ય સરકારના નીતિગત વિષયો ઉપરાંત આગામી આયોજનો અંગે ચર્ચા તેમજ સમીક્ષા કરવામાં આવી. બેઠકમાં ખ્યાતિ હૉસ્પિટલ વિવાદ અને આ મુદ્દે આરોગ્ય વિભાગે લીધેલા પગલા, રાજ્યમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી, ખાતરની અછત, ઉપરાંત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, રાજકીય ઘટનાઓ અંગેની ચર્ચા થઈ હતી. આ બેઠકમાં અગામી ત્રણ દિવસ યોજનારી ચિંતન શિબિર અંગે પણ ચર્ચા કરાઈ હતી.

**RNU અમદાવાદ**

---

## અટલ ભૂજલ યોજનાના અમલીકરણ અંગે સમીક્ષા

જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન નાગરીક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી કુંવરજી બાવળીયાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ભુજ ખાતે અટલ ભૂજલ યોજનાના કચ્છ જિલ્લામાં અમલીકરણ અંગેની સમીક્ષા બેઠક વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા અટલ ભૂજલ યોજનાના અમલીકરણ બાબતે વિસ્તૃત જાણકારી અપાઇ હતી.

આ  સમીક્ષા બેઠકમાં અટલ ભૂજલ યોજનાના અમલીકરણ વિસ્તારમાં સમાન પ્રકારે કામગીરી વધુ સારી રીતે હાથ કેવી રીતે ધરી શકાય તે અગેનું માર્ગદર્શન પાણી પુરવઠા મંત્રી દ્વારા આપવામાં આવ્યું હતું.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------

## પશુધન વીમા સહાય યોજના

કેન્દ્ર સરકારનાં નેશનલ લાઈવ સ્ટોક મિશન (NLM) તથા રાજ્ય પુરસ્કૃત રિસ્ક મેનેજમેન્ટ એન્ડ ઈન્સ્યોરન્સ યોજના હેઠળ પશુધન વીમા સહાય યોજના મંજૂર કરવામાં આવી છે. જેનો હેતુ પશુઓને વીમા કવચથી સુરક્ષિત કરી પશુપાલકોને આકસ્મિક પશુ મૃત્યુથી થતા આર્થિક નુકશાનથી બચાવવાનો છે. રાજ્યના તમામ પશુપાલકો I-KHEDUT પોર્ટલ પર અરજી કરી શકે છે.

આ યોજના હેઠળ પ્રતિ લાભાર્થી દીઠ એકથી ત્રણ વેતરનાં હોય તેવા મહત્તમ 3 પશુઓને લાભ મળવાપાત્ર થાય છે. આ યોજનામાં ઓનલાઈન અરજી કરી અરજીની નકલ નજીકની પશુ સારવાર સંસ્થાને નિયત સમય મર્યાદમાં પહોંચાડવાની રહેશે અથવા તમામ આધારો I-KHEDUT પોર્ટલ ઉપર અપલોડ કરવાનાં રહેશે. ઓનલાઈન અરજી આગામી ૧૩મી ડિસેમ્બર ૨૦૨૪ સુધી કરી શકાશે.

માહિતી ખાતુ

-----------------------------------------------------------------------

## યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓ સ્ટાફને હેલ્મેટ ફરજિયાત

રાજયમાં માર્ગ અકસ્માતની ઘટનાઓમાં ૩૫ ટકા લોકોના મૃત્યુ હેલ્મેટ ન પહેરવાના કારણે થાય છે. તેમાંથી ૨૬ ટકા લોકોની આયુ ૨૬ વર્ષથી નીચેની હોય છે. માર્ગ સુરક્ષા માટે હેલ્મેટ પહેરવું તેમજ વડી અદાલતે પણ વાહન ચલાવનાર અને પાછળ બેસનાર હેલ્મેટ પહેરે તે માટે સુચવ્યું છે ત્યારે કચ્છ સહિત રાજયની તમામ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ કામ કરતા પ્રોફેસરો, સ્ટાફ હેલ્મેટ પહેરે તે માટે સુચના આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ, કોલેજોમાં અંદાજે ૧૬ લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને મોટા ભાગે વિદ્યાર્થીઓ અવરજવર માટે વાહનનો ઉપયોગ કરતા હોય છે ત્યારે રાજય પોલીસવડા વિકાસ

સહાયે આ બાબતે તમામ કુલપતિઓને પત્ર લખી અમલવારી માટે જાણ કરી છે.

**N.P. / કલ્પના શાહ**

---

## પર્યાવરણ જાગૃતિ અભિયાન

માંડવી તાલુકાના મસ્કા ગામે પર્યાવરણ અને ટકાઉ વિકાસના મહત્વને પ્રોત્સાહન આપવા માટે અદાણી ફાઉન્ડેશન અને ગ્રામ પંચાયત દ્વારા સંયુક્ત રીતે જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું. આ અભિયાનમાં મસ્કા ગામને પ્લાસ્ટિક મુક્ત બનાવી પર્યાવરણ અને આરોગ્ય ને સુધારવા, સોલાર રૂફટોપ સિસ્ટમ દ્વારા ઘરે ઘરે સૌરઊર્જાનો પહોંચાડવા, વરસાદી પાણીના સંચય માટે પાણીના ટાંકા બનાવવા અને બાયોગેસ પ્લાન્ટના ઉપયોગથી આરોગ્ય અને પર્યાવરણ જાળવણીના પ્રોજેક્ટ્સને અમલમાં મુકવા માટેની ચર્ચા તથા ગ્રામજનો ને માહિતગાર કરવામાં આવ્યા હતા.

અદાણી મેલ

---

## કાળા ડુંગર ખાતે પ્રાકૃતિક શિક્ષણ શિબિર

રેન્જ ફોરેસ્ટ ઓફિસરની કચેરી, ભુજ ઉત્તર રેન્જ દ્વારા કાળા ડુંગર ખાતે આગામી ૧૬ મીથી ૩૧ ડિસેમ્બર સુધી પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું

આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભાગ લેવા માટે રસ ધરાવતી શાળા કોલેજને આમંત્રિત કરવામાં આવે છે. ધોરણ ૮ થી કોલેજ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વહેલા તે પહેલાના ધોરણે લાભ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે. રસ ધરાવતી શાળા-કોલેજો, સંસ્થાઓને  અરજી કરવા રેન્જ ફોરેસ્ટ ઓફિસર, ભુજ ઉત્તર રેન્જ દ્વારા જણાવાયું છે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------

## મિશ્ર હવામાન

જિલ્લામાં ધીમા પગલે શિયાળાની ઋતુનું આગમન થયું હોય તેમ લઘુત્તમ અને મહત્તમ ઉષ્ણતામાનમાં ઘટાડો નોંધાયો છે ત્યારે પશ્ચિમ કચ્છનું નલિયા ૧૪.૧ ડિગ્રી લઘુત્તમ ઉષ્ણતામાન સાથે રાજયનું સૌથી વધુ ઠંડુ મથક બન્યું છે.  જિલ્લા મથક ભુજમાં ૧૮ અને કંડલામાં ૧૯.૪ ડિગ્રી ન્યૂનતમ ઉષ્ણતામાન નોંધાયું હતું. તેવામાં મોડી મોડી સાંજથી રાત્રિભર વાતારણમાં ઠંડક અનુભવાઇ રહી છે. વહેલી સવાર સુધી ઠાર રહ્યા બાદ દિવસભર વાતાવરણ હુફાળું રહે છે. જિલ્લાના તમામ મથકો પર મહત્તમ ઉષ્ણતામાન ૩૨થી ૩૪ ડિગ્રીની આસપાસ રહેતા મધ્યાહ્ન સમયે ગરમીની અનુભૂતિ સાથે બેવડી ઋતુનો અનુભવ જિલ્લાવાસીઓ કરી રહ્યા છે.  જેને પગલે વાયરલ બિમારીઓનું પ્રમાણ વધ્યું હોય તેમ

સરકારી અને ખાનગી દવાખાનાઓમાં તાવ, શરદી, ઉધરસ જેવી બિમારીઓના દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે.

**N.P. / કલ્પના શાહ**

--------------------------------------------------------------------